Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Apr 2019, Year - 5 (72)
Paper ID : RRJ000034

# ગ્રામ વિકાસમાં બુનિયાદી શિક્ષણ

પરમાર રમાબેન દિનેભાઈ
મીરામ્બીકા કોલેજ ઓફ એજયુકેશન, રાજકોટ

---

ભારતમાં સદીઓથી શિક્ષણ ખૂબ જ મહત્વનું માનવામાં આવ્યું છે. વેદકાલીન સમયમાં શિક્ષણનો ઉદ્દેશ્ય વિદ્યાર્થિઓને સનાતન સત્યને જાણે અને વિવિધ કૌશલ્ય વિકસાવે તેવો હતો. ત્યારબાદ કાળક્રમે બુધ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીને સંયમ અને સાદાઈના પાઠ શીખવવામાં આવતા હતાં. પછીથી મધ્યકાળના સમય દરમ્યાન શિક્ષણનો થોડો ઓછો વિકાસ થયો પરંતુ અર્વાચિન યુગમાં અંગ્રજોનાં શાસનકાળમાં શિક્ષણની શરૂઆત નવા તબ્કકાઓથી થઈ. સર વિલિયમ બેન્ટિકના સમયગાળા દરમિયાન ભારતમાં એક શિક્ષણ કમિટિની રચના થઈ (૭ માર્ચ ૧૮૩૫). આ કમિટિના અધ્યક્ષ પદે લોર્ડ મેકોલેની નિયુકિત થઈ. લોર્ડ મેકોલેના મંતવ્ય અનુસાર અંગ્રેજી કેળવણીની શરૂઆત થઈ. અંગ્રેજી કેળવણીના વિકાસ માટે ૧૮૫૪માં સર ચાર્લ્સવુડની ભલામણ ખૂબ મહત્વની બની અને ઠેર ઠેર શાળા – કોલેજની સ્થાપના કરવામાં આવી ત્યાર બાદ (૧૮૮૨) ભારતીય શિક્ષણ પંચે ભારતીય લોકોની શિક્ષણ પ્રત્યેની જાગૃતિમાં વધારો થયો. તેમ ભારતમાં લોકો શિક્ષણને મુખ્ય માર્ગને ભૂલીને માત્ર અંગ્રેજી શિક્ષણને જ કેળવણી માનવા લાગ્યા. આ કેળવણીનો મુખ્ય અર્થ માત્ર અર્થ ઉપાર્જનનો છે તેવું લોકો માનવા લાગ્યા.

કેળવણી એટલે શું ? કેળવણીનું જીવનમાં શું મહત્વ છે ? શું અક્ષરજ્ઞાન એ જ ખરી કેળવણી છે. ? આવા અનેક પ્રશ્નો બુનિયાદીની શિક્ષણની વાત કરતાં હોઈએ ત્યારે આપણને ઘેરી વળે છે. જો કેળવણી એ માત્ર અક્ષરજ્ઞાન જ હોય તો તે એક ધાતક હથિયારરૂપ છે. તો તેનો સદ ઉપયોગ પણ થાય અને દુરોપયોગ પણ થાય. પરંતું આપણે કેળવણીનો પ્રાથમિક અર્થતો અક્ષરજ્ઞાન જ કરીએ છીએ. લોકોને લખતાં–વાંચતા કે હિસાબ કરતાં આવડે એ મૂળ પ્રાથમિક કેળવણી થઈ એવું સહુ સ્વીકારે છે. પણ આવું નથી, ''કેળવણી એટલે બાળકના શરીર , મન અને આત્માનાં ઉત્માંશોનું આવિષ્કરણ.'' કેળવણી એ જીવનની જરૂરિયાત છે જેમ પોષણ અને પ્રજનનથી શારીરિક અને જૈવિક જીવન ટકે છે તેમ કેળવણીથી સામાજિક જીવન ટકે છે. કેળવણી દ્વારા મનુષ્યની ખિલવણી કરી શકાય છે. સાચા અર્થમાં શિક્ષણ '' તમસો મા જયોતિગમર્ય'' નો મંત્ર સાકાર કરી તમસ (અંધકાર), જયોતિ(ઉજાસ) તરફ ઉર્ધ્વગમન કરવા પ્રેરે છે. બીજા શબ્દોમાં કહીએ તો '' સા વિદ્યા યા વિમુકતયે'' નો ધ્યેય મંત્ર મનુષ્યને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. સાચી વિદ્યા કે કેળવણી એ છે કે જે ના સર્વ બંધનોમાંથી મુકિત અપાવે જે કેળવણી આપણને સારા સારનો ભેદ કરતાં સારૂ ગ્રહણ કરી નરસાને ત્યજવાની શીખ આપે તે જ ખરી કેળવણી.

## ગાંધીજીની દ્રષ્ટિએ શિક્ષણ

**''મારું જીવન એ જ મારો સંદેશ''** એ સુત્ર આપીને ભારતીય સમાજમાં આચાર – વિચારના પ્રખર હિમાયતી એવાં ગાંધીજીએ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં અનેરૂ પ્રદાન આપ્યું છે. તેમણે ઉપદેશાત્મક રીતે નહીં પરંતુ પોતાના જીવન દ્વારા અદના આદમી સુધી શિક્ષણ પહોંચાડવું હતું. તેમણે સાચા અર્થમાં એક 'લોક સેવક'તરીકે કાર્ય કર્યુ હતું. ઈ.સ. ૧૯૧૧માં ટ્રાસવાલમાં ગાંધીજીએ શિક્ષણ માટે ''ટોલસ્ટાંય ફાર્મ'' તથા ૧૯૧૫માં સાબરમતીમાં એક આશ્રમની સ્થાપના કરી જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થિઓની સર્વાંગી વિકાસ કરી એમને આત્મનિર્ભર બનાવવાનો હતો.

ગાંધીજીએ ભારતમાં આવીને પોતાનાં શિક્ષણ અંગેના વિચારનો ફેલાવો કર્યો. તેમણે શિક્ષણને માત્ર અક્ષરજ્ઞાન ન ગણતાં તેનો વ્યાપક અર્થ કહેતાં કે વિદ્યાર્થીઓને સમાજ સેવાનું કાર્ય કરવાના ક્ષેત્રો પુરા પાડશે. તેનાથી તેઓની આજીવિકા મળી રહે એવા સાધનો તૈયાર કરવા પડશે. ફકત આજીવિકા જ વિદ્યાનું લક્ષ્ય ન હોવું જોઈએ પરંતું વિદ્યાનું ફળ(લક્ષ્ય) તો આત્મ વિકાસનું જ હોઈ શકે જયાં આત્મ વિશ્વાસ છે ત્યાં આજીવિકા તો છે જ આમ ગાંધીજીએ શિક્ષણ દ્વારા જ મનુષ્યની આધ્યાત્મિક અને ભૌતિક ઉન્નતિ કરી શકાય અને શિક્ષણ દ્વારા જ ગ્રામ્ય સમાજનો વિકાસ કરી ગામડાને ટકાવી શકાય તેવું તેઓ માનતાં હતાં માટે જ તેમણે ઈ.સ. ૧૯૩૭માં ૨૨, ૨૩ ઓકટોબરમાં વર્ધા મુકામે મળેલી એક પરિષદમાં તેમણે શિક્ષણ વિશેના વિચારો રજૂ કર્યા. આ વિચાર તે ''પાયાની કેળવણી'' નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણ તરીકે પ્રચલિત બન્યા. આમ બુનિયાદી શિક્ષણની શરૂઆત ભારતભરમાં પ્રચલિત બની તે તેમને નવી શિક્ષણ પધ્ધતિની શરૂઆત હતી તે જોતજોતામાં પૂરા ભારતને સ્વાવલંબી અને શિક્ષિત બનાવનારી શિક્ષણ પધ્ધતિ તરીકે પ્રચલિત બની.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-72-apr-2019/RRJ000034

Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Apr 2019, Year - 5 (72)
Paper ID : RRJ000034

### બુનિયાદી શિક્ષણ એટલે શું ?

બુનિયાદી શિક્ષણ મુજબ 'કામથી કરમાય અને શ્રમથી શરમાય' તેવું શિક્ષણ ન હોવું જોઈએ. કેળવણી દ્વારા વ્યકિતના સામાજિક ભાવનાનો વિકાસ થાય જેનાથી કોઈપણ કાર્ય કરવામાં વ્યકિત શરમ, સંકોચ કે સુગ ન અનુભવે તે જરૂરી છે. બુનિયાદી શિક્ષણ એટલે પાયાનું શિક્ષણ તેના માટે અંગ્રેજી શબ્દ "Basic Education" તેને ''ખરી કેળવણી'' કે ''નઈ તાલીમ'' તરીકે '' વર્ધા શિક્ષણ '' યોજના તરીકે પણ તેને ઓળખવામાં આવે છે. બુનિયાદી શિક્ષણ એટલે Hand (હાથ), Heart (હદય) અને Head (માથુ / બુધ્ધિ)નું શિક્ષણ ગાંધીજીના મંતવ્ય પ્રમાણે બુનિયાદી શિક્ષણ એક મૌન સામાજિક ક્રાંતિના દૂત સમાન હતી તેનાથી આપણાં ગામડાંઓમાં વધતી જતી દુર્દશા રોકાશે અને એક ન્યાય સંગત સામાજિક સંરચનાનો પાયો નંખાઈ જશે. આ બધા કામો અલગ અલગ વર્ગના લોકો ના લોહિયાળ સંઘર્ષનો અંત થઈ જશે.

### બુનિયાદી શિક્ષણના સિધ્ધાંતો

સાત વર્ષ સુધીનું માતૃભાષા ઉધોગ દ્વારા સ્વાલંબંનનું મફત અને ફરજિયાત
દ્વારા શિક્ષણ શિક્ષણ શિક્ષણ શિક્ષણ

બુનિયાદી શિક્ષણમાં હસ્તકલા, માતૃભાષા, ગણિત, સામાજિક વિજ્ઞાન, કલા, સંગીત, ચિત્ર, રમત–ગમત વગેરે વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. હસ્તકલામાં વિસ્તુત વિષયમાં કાંતણ, ગૂંથણ, ખેતી, સુથારીકામ, બગીચાનું કામ, માટીના વાસણો, ધાતુની વસ્તુઓ, ચર્મકામ, ગૃહકલા વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શિક્ષણની ભાષા માતૃભાષા રાખવામાં આવી હતી. વૈજ્ઞાનિક શિક્ષણ પધ્ધતિને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ એક કાર્યપ્રધાન શિક્ષણ વ્યવસ્થા હતી. જેના તન અને મનને વ્યસ્ત રાખી રચનાત્મક પ્રવૃતિ અને સાથે પુસ્તકીયુ જ્ઞાન આપી સુંદર અને સ્વાભાવિક વિકાસ કરી શકાય સાથે જ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીની વૈયકિતક, સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક, ચારિત્રિક અને વ્યવસાયિક તેમજ આધ્યાત્મિક વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

### ગ્રામ્ય વિકાસમાં બુનિયાદી શિક્ષણનું મહત્વ

બુનિયાદી શિક્ષણ દ્વારા ગાંધી શોષણ રહિત સમાજ અને વર્ગ વિહિત સહયોગી સમાજની રચના કરવાનું સ્વપ્ન સાકાર કરવા માંગતા હતા. શિક્ષણ પંચે(૧૯૬૪–૬૬) માં પણ શિક્ષણના દરેક સ્તર પર બુનિયાદી તાલીમને સમર્થન આપતા કહયુ હતુ કે ''બુનિયાદી તાલીમનો આધારભુત સિધ્ધાંત એટલા માટે વધારે મહત્વપૂર્ણ છે કે શિક્ષણના દરેક સ્તરે તેનો અમલ કરવો જોઇએ. અમે શિક્ષણના કોઇ એક સ્તરમાં લાગુ પાડવાના પક્ષમાં નથી આમ બુનિયાદી શિક્ષણ દ્વારા ગાંધીજીએ ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં પ્રમાણસર વિકાસ કરવાના પક્ષમાં હતા. વર્તમાન સમયમાં પણ ગ્રામ્ય વિકાસ એ આપણા માટે અનિવાર્ય આધાર શિલા છે.

ગાંધીજીની કેળવણી જેમાં કોઈપણ પ્રકારના શોષણનો અભાવ અને અહિંસક સમાજ વ્યવસ્થા એ પૂર્વરાશી રૂપે રાખવામાં આવ્યા હતા. આથી આવા પ્રકારની સમાજ વ્યવસ્થામાં સમાનતા, પ્રેમ અને ન્યાયના પાયારૂપ હશે. તેમણે પોતાના રચનાત્મક કાર્યક્રમ પણ ન્યાયના પાયા પર રચાયેલ સમાજ વ્યવસ્થાનું સ્વપ્ન સિધ્ધ કરવાના અંતિમ ઉદ્દેશ્યથી ધડી કાઢવામાં આવ્યો હતો. તેમણે આપણને ગામડાના ઉધોગો દ્વારા ગામડાંઓમાં રાષ્ટ્રીય કેળવણી આપવાની યોજના આપી છે. હિંદની જનતાની મૂળભૂત જરૂરીયાત વિષે ગાંધીજી સજાગ હતા આપણાં ગામડાંઓને સજીવન કરવાના ઉદ્દેશ થી ખાદીને તેઓ પ્રથમ પગલાં તરીકે લેખતા હતા. બીજા પગલાં તરીકે હરિજનોની સ્થિતી સુધારવાનું હતું. ગ્રામવાસીઓની અજ્ઞાનતા અને વહેમ દૂર કરી સાત લાખ ગામડાઓની સ્વયંશાસિત અને સ્વાવલંબી બનાવવા માટે અત્યંત જરૂરી હતું. વિનોબા બુનિયાદી શિષણ વિષે કહે છે કે દરેક ગામમાં સંપૂર્ણ તાલીમ થવી જોઈએ જેને આપણે યુનિવર્સિટી કહીએ છીએ તે દરેક ગામમાં હોવી જોઈએ કારણકે દરેક ગામ પછી ભલેને તે ગમે તેટલું નાનું હોય તો પણ આખી દુનિયાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આખી દુનિયા નાના પાયા ઉપર ત્યાં મોજુદ છે માટે ત્યાં સંપૂર્ણ તાલીમી મળવી જોઈએ. દરેક ગામનો કુદરત સાથે સીધો સંબંધ છે.

બુનિયાદી કેળવણીનો મુખ્ય ઉદ્દેશ ગામડાંના બાળકોને ઘડીને નમૂનેદાર બનાવવાનો છે. એ યોજનાને મૂળ પ્રેરણા પણ ગામડાંઓમાંથી જ મળી આવી છે. જે મહાસભાવાદીઓ સ્વરાજયની ઈમારતનું ઠેઠ પાયામાંથી ચણતર કરવા માંગે છે. તેમને દેશના બાળકોની ઉપેક્ષા કરવી પરવડે તેમ નથી. અંગ્રેજી કેળવણી ભારતના બાળકોને વિચાર કર્યા વગરની હતી માટે માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત ગામડાંઓને ધ્યાનમાં રાખી કરવામાં આવી. જેથી હિંદુસ્તાનના બધાં છોકરા–છોકરીઓ નિશાળે જતા થયા અને ગામના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો. ગામડાંનો દરેક વ્યકિત મારા



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-72-apr-2019/RRJ000034

ISSN : 2321- 4708
Apr 2019, Year - 5 (72)
Paper ID : RRJ000034

–તમારાનો ભેદભાવ ભૂલીને ગ્રામ્ય વિકાસમાં કાર્ય કરવા લાગ્યો. દરેક વ્યકિત પોતાના ભલા માટે નહીં પરંતુ ગામના ભલા માટે ઈચ્છતાં થયા. હું નાની કેરીમાંથી મોટી કેરી પેદા કરું તો મારી ઈચ્છા તૃપ્ત થાય બીજો પણ તેમ કરે તો તેને પણ લાભ થાય તેવી ભાવના વિકસી પૈસા કમાવવા માટે તમાકુ જેવા હાનિકારક પાકોનું ઉત્પાદન નહી ઈચ્છે કારણ કે તે ગામને નુકસાનકારક છે એ આપણું નુકસાન છે આમ બુનિયાદી શિક્ષણ આશિયાળીવૃતિને કાઢનારી અને સ્વાવલંબને પેદા કરનારી છે. તેનાથી ભયને ઠેકાણે નિર્ભયતા લાવવાનું કાર્ય કરે છે. આમ કામ કરતાં જ્ઞાન મેળવવું, વાણી અને આચારમાં તફાવત ન રાખવા અને સ્વાવલંબી જીવન જીવતા કોઈને પણ નુકસાન ન કરવાની સમજ ગ્રામ્ય સમાજમાં વિકસાવી હતી.

બુનિયાદી તાલીમમાં સાહિત્યિક શિક્ષણ પણ આપવામાં આતું હોવાથી ગ્રામ્ય સમાજના લોકોને સમજાયું કે બહુમતી એ લઘુમતી સાથે કેવી રીતે વર્તવુ જોઈએ એ શીખવે છે. આમ સમાજમાં અસ્પૃશ્યતા તથા કોમી સમસ્યાઓને જડ મૂળમાંથી ઉખાડી ફેકી શકયાં. ગામડાંનો દરેક વ્યકિત શિક્ષણ મેળવે જેમાં કોઈ કામના અભાવે બેકાર ન રહે જેમાં દરેક વ્યકિત કોઈ ઉધોગ સાથે જોડાયેલ હોય દરેક વ્યકિતને પૌષ્ટિક ખોરાક, ચોખ્ખી હવા–ઉજાસવાળા રહેઠાણ અને શરીર ઢાંકવા માટે ખાદી મળી રહેતી ગ્રામ્યવાસીઓ અને ગ્રામની સ્વચ્છતાના નિયમોને જાણતાં અને પાળતા શીખ્યા. બુનિયાદી શિક્ષણથી બાળકો મા–બાપ વડીલો સાથે વધુ નિકટ અને જીવંત ધરાવતાં બન્યા પરિણામે સમાજ–વ્યવસ્થા વધુ મજબુત બની અને વર્ણ વ્યવસ્થા ધીમે ધીમે લોપ થતી ગઇ. ગાંમડાઓમાં ધીમે ધીમે દારૂ નિષેધ હરિજન સેવા, ગ્રામ સફાઈ, ગ્રામ ઉદ્યોગ, જેવી પ્રવૃતિઓ વિસ્તુત પ્રમાણમાં થઈ. દરેક વ્યકિત પોતાની કુશળતાથી પોતાનો મનગમતો વ્યવસાય શરૂ કરી દેતાં. ગામડાંઓમાંથી બેરોજગારીની ચિંતા પણ દૂર થઈ ગઈ શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યકિતની બૌધ્ધિક ક્ષમતામાં પણ વધારો થયો. તેમણે બુધ્ધિ ક્ષમતાથી ખેતી અને પશુપાલન પણ આધુનિક પધ્ધતિથી કરવા લાગ્યા. આમ ગામડાઓનો વિકાસ થવા લાગ્યો અને ગામડાઓ સમૃધ્ધ બનવા લાગ્યા.બુનિયાદી શિક્ષણ સમગ્ર ગામડાની સૂરત બદલવામાં સફળ હતું. તેમણે સાથે સાથે કન્યા કેળવણી પર પણ વિશેષ મહત્વ આપ્યું હતું. તેથી ગાંમડાની સ્ત્રીઓ પણ શિક્ષિત બની અને તેનાથી ગામડામાં આરોગ્ય અને સ્વચ્છતાની વિશેષ કાળજી લેવાઈ. આથી આર્થિક રીતે સમૃધ્ધ એવા ગામોને હવે આરોગ્ય પ્રદ અને સુખી અને સમૃધ્ધ બન્યા.આમ ગામડાંના જે યુવાનો શહેર તરફ આંધળી દોટ મૂકતાં હતા તે ઓછી થઈ અને ગામડામાં દરેક કાર્યના કુશળ વ્યકિતઓ વસવા લાગ્યા અને ગામડાઓ ભારતની અર્થવ્યવસ્થાનાં પાયાં તરીકે સ્થાપિત થયા આજે પણ આ પ્રકારના વિકસિત ગામડાંઓમાં સાચું ભારત વસે છે.

## ઉપસંહાર :

વર્તમાન યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે. જેણે સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યા છે. ત્યારે પણ બુનિયાદી શિક્ષણ પર આધારિત ''સર્વ શિક્ષા અભિયાન'' દ્વારા ગામડાની કાયાપલટ કરી દરેક ગામડામાં વસતાં બાળકને શિક્ષણ આપવામાં પ્રયત્ન સરકાર દ્વારા થઈ રહયા છે. ત્યારે ગાંધીજીએ તો પહેલેથી જ બુનિયાદી શિક્ષણ દ્વારા ગામડાને પગભર કરી ગામડા અને શહેર વચ્ચે સંતુલન રાખવાનું કાર્ય કર્યુ હતું. આજની વર્તમાન શિક્ષણ પધ્ધતિમાં પ્રયોગાત્મક શિક્ષણ અને બાલકેન્દ્રી અભ્યાસક્રમ બુનિયાદી શિક્ષણની જ ઉપજ (નીપજ) છે. આમ બુનિયાદી શિક્ષણ દ્વારા ગામડાંઓ જે પોતાનું અસ્તિત્વ ગુમાવી રહયા હતા. તે જ ભારતીય અર્થ વ્યવસ્થાનું મુખ્ય એકમ બનાવવાનું કાર્ય બુનિયાદી શિક્ષણે કર્યુ છે. આમ, બુનિયાદી શિક્ષણે ગામડાઓને સમૃધ્ધ બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-72-apr-2019/RRJ000034